# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


=====================================================================

**અખબારી યાદી** **તા. ૪-૧૨-૨૦૨૨**

- **કોંગ્રેસ OBCના CM અને 3 ડેપ્યુટી CM મામલે સ્પષ્ટ છે. ગરીબ-વંચિત-આદિવાસી સમુદાયને ન્યાય આપી તેઓની મૂળભૂત માગણીઓ પૂરી કરવા કોંગ્રેસ વચનબધ્ધ છેઃ શ્રી અર્જુન મોઢવાડીયા**
- **ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પોલીસ ખાતાના ભાજપ સમર્પીત અધિકારીઓને ચેતવણી આપે છે, પોલીસ અને પ્રશાસન ભાજપનું નહીં પરંતુ ભારતની સર્વોચ્ચ સ્વાયત સંસ્થા એવી ચૂંટણી પંચની દેખરેખ નીચે કામ કરી રહ્યા છો. ગુજરાત પોલીસના અધિકારીઓ ભાજપના નહિ ચૂંટણી પંચના તાબા હેઠળના અધિકારીઓ છે અને સંવિધાન, ચૂંટણી પંચ અને કાયદા પ્રત્યે ઉત્તરદાયિત્વ ધરાવે છે: શ્રી અર્જુન મોઢવાડીયા**

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી (2022)ના બીજા તબક્કાનું મતદાન થવા જઇ રહ્યું છે. ગુજરાતી પ્રજાએ પ્રથમ તબક્કામાં કોંગ્રેસ તરફી ભારે મતદાન કર્યું છે. લોકશાહીના મહાપર્વની કાલે બીજા તબક્કાની ઉજવણી થઇ રહી છે. ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, રાજીવ ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અર્જુન મોઢવાડિયાએ પ્રશાસન અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પોલીસ ખાતાના ભાજપ સમર્પીત અધિકારીઓને ચેતવણી આપે છે, પોલીસ અને પ્રશાસન ભાજપનું નહીં પરંતુ ભારતની સર્વોચ્ચ સ્વાયત સંસ્થા એવી ચૂંટણી પંચની દેખરેખ નીચે કામ કરી રહ્યા છો. ગુજરાત પોલીસના અધિકારીઓ ભાજપના નહિ ચૂંટણી પંચના તાબા હેઠળના અધિકારીઓ છે અને સંવિધાન, ચૂંટણી પંચ અને કાયદા પ્રત્યે ઉત્તરદાયિત્વ ધરાવે છે. કોંગ્રેસે સીધો આક્ષેપ છે કે, પોલીસ અધિકારીઓ ભાજપના ઈશારે કામ કરી રહ્યા છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અર્જુન મોઢવાડિયાએ મોટું નિવેદન આપતા વધુમાં જણાવ્યું હતું કે કોંગ્રેસ OBCના CM અને 3 ડેપ્યુટી CM મામલે સ્પષ્ટ છે. ગરીબ-વંચિત-આદિવાસી સમુદાયને ન્યાય આપી તેઓની મૂળભૂત માગણીઓ પૂરી કરવા કોંગ્રેસ વચનબધ્ધ છે. મુખ્યમંત્રી નક્કી કરવો અમારા માટે કોઈ મોટી વાત નથી. તમામ સમુદાયો કોંગ્રેસની સાથે છે અને ગુજરાતના તમામ મતદારોએ કોંગ્રેસ પર વિશ્વાસ મુકી દીધો છે. અમે એવા મુખ્યમંત્રી જાહેર નહી કરીએ કે જેમને બદલવા પડે. અમારા પૂર્વ મુખ્યમંત્રીઓ અને નેતાઓ સંવિધાન અને પ્રજાલક્ષી કાર્યો પ્રત્યે વચનબધ્ધ બની રહ્યા હતા અને આવનારા સમયમાં પણ વચનબધ્ધ રહેશે. કોંગ્રેસ પાર્ટીમાં મુખ્યમંત્રી પદ માટે દાવેદારી કરવાનો હક તમામ કોંગ્રેસના ચૂંટાયેલા ઉમેદવારોને છે. લોકશાહી મુજબ અમે સર્વસંમતિથી તે પાર પાડીશું. ચુંટાયેલા ધારાસભ્યો જ મુખ્યમંત્રીના ઉમેદવારનું નામ નક્કી કરશે.

ભાજપ પોતાની હાર માની ચૂકી છે. પ્રથમ તબક્કામાં ભારી માત્રામાં કોંગ્રેસ તરફી થયેલા મતદાનથી ભાજપ ડરી ગઇ છે. આ ડર સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. તેથી પાછળા બારણેથી ભાજપ સમર્થીત પોલીસ અધિકારીઓ અને પેરોલ પર છોડેલા અસામાજિક તત્ત્વોને છુટો દોર આપી દીધો છે. અધિકારીઓ લોકોને ધમકાવી રહ્યા છે, જ્યારે અસામાજિક તત્ત્વો લોકોને ડરાવી રહ્યા છે. ગુજરાત કોંગ્રેસ અપીલ કરે છે કે લોકશાહીના પર્વમાં હાડકા નાખવાનું કામ કરતા પોલીસ અધિકારીઓ બંધ કરે. ચૂંટણી પંચે વ્યવસ્થામાં ગોઠવેલા અધિકારીઓ સિવાય ચૂંટણીમાં ડ્યૂટી નથી તેવા LCB, ક્રાઇમ

બ્રાન્ચ અને અમુક IPS ભાજપનો હાથો બની કામ કરી રહ્યા છે. કોંગ્રેસનું નિવેદન છે કે ચૂંટણી પંચ તટસ્થ રીતે મતદાન કરાવે. અસામાજીક તત્ત્વ પર ચાપતી નજર રાખે. બિનલોકતાંત્રિક પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરતા અધિકારીઓ સામે આવેલી ફરિયાદોને ઉપર તાકિદે ધ્યાન આપે. કોંગ્રેસે જાહેર અપીલ કરી છે કે અધિકારીઓ તટસ્થતાથી - નિષ્પક્ષતાથી કામ કરે.

વડાપ્રધાન ગુજરાતની ચૂંટણી પ્રચારમાં એડીચોટીનું જોર લગાવી રહ્યા છે, તેમને ભાજપની હાર સ્પષ્ટ દેખાઇ રહી છે. વડાપ્રધાન મોદી અને ગૃહપ્રધાન અમિત શાહે ગુજરાતમાં જ્યાં જ્યાં પણ જનસભા કરી ત્યાં તેને નબળો પ્રતિસાદ મળ્યો, જે પ્રથમ તબક્કાના મતદાનમાં સ્પષ્ટ નજરે ચઢી રહ્યું છે. તેઓએ કરેલી અપીલને પણ લોકોએ નજરઅંદાજ કરી છે. હવે બીજા તબક્કામાં કોઇ મુદ્દો ન મળતા સો ટકા મતદાનની અપીલોના હોર્ડિંગ સમગ્ર જગ્યાએ જોઇ શકાય છે.

ગુજરાતના લોકો સમજી ગયા છે કે રાજ્યમાં ભય-ભૂખ-ભ્રષ્ટાચારનું શાસન છે. મુળ મુદ્દાને કિનારે કરી ભાજપ રાજનીતિ કરી રહી છે. ગુજરાતની ચૂંટણીમાં કોંગ્રેસ લોકોની મુશ્કેલીઓને વાચા આપવા જનઆંદોલનો કર્યા છે. ભાજપે ફક્ત તમાશા જ કર્યા છે. ગુજરાત કોંગ્રેસનું પ્રજા માટેના કામ બોલે છે અને ગુજરાત રાજ્યની ભાજપ સરકારના ભ્રષ્ટાચારના કાંડ બોલે છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે આયોજીત પત્રકાર વાર્તામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તાશ્રી હિરેન બેંકર ઉપસ્થિત રહ્યાં હતાં.

(પાર્થીવરાજસિંહ કઠવાડીયા)
પ્રવક્તા
મો. 9898134146

હેમાંગ રાવલ
કો-કન્વિનર – પ્રવક્તા
મો. 9898233038